રાજ્યની પ્રા.૧ થી ૭ માં ભણતી આદિજાતિની
કન્યાઓના વાલીઓને અનાજ આપવાની યોજનાનો
અમલ બાબત.

ગુ.રા. શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંક: મભય/૧૩૨૦૦૩/૩૩૫)વ) ૧૯૧-૨ ,
સચિવાલય, ગાંધીનગર. તા: /૩/૦૩
3 1 MAR 2003

<u>વંચાણે લીધા</u> :(૧)કમિશનર આદિજાતિ વિકાસના આદેશ ક્રમાંક: આવિ./હસબ/૦૩/૨૮૩/બા
તા:૨૮/૧/૦૩ ના પત્રના અનુસંધાને.
(૨)કમિ.આદિજાતિ વિકાસ સુધારા આદેશ ક્રમાંક: આ.વિ/હસબ/૯/૦૨/૦૩/
સુ.આ/૪૨૨૬ તા:૧૭/૨/૦૩ ના અનુસંધાને.

<u>પ્રસ્તાવના</u> :

રાજ્યના આદિજાતિ વિસ્તારની પ્રા.૧ થી ૭ માં ભણતી આદિજાતિ કન્યાઓના વાલીઓને કન્યાઓના કેળવણી માટે પ્રોત્સાહન રુપ આદિવાસી કન્યાદીઠ વાર્ષિક ૬૦ કિલોગ્રામ વધુમાં વધુ કુટુંબદીઠ બે આદિજાતિ કન્યાઓ માટે ૧૨૦ કિલોગ્રામ મફત અનાજ વિતરણની યોજના આદિજાતિ વિકાસ વિભાગ ધ્વારા અમલમાં મુકેલ છે. પરંતુ સદરહુ ગ્રાંટની રૂા.૧૪.૨૩,૦૦,૦૦૦/- ( ચૌદ કરોડ ત્રેવીસ લાખ) ની રકમ આ વિભાગને હવાલે ઉકત ક્રમાંક-૧ ના સંદર્ભમાં મુકવામાં આવેલ છે.

<u>ઠરાવ</u> :

ઉપરોકત સંદર્ભ(૧) અને (૨) ના કમિશનરશ્રી આદિજાતિ વિકાસના પત્રોમાં જણાવ્યાનુસાર ન્યુ ગુજરાત પટર્ન અંતર્ગત આદિજાતિ વિસ્તાર પેટા યોજના માંગણી નં.૯૪ આયોજન સદરના પેટા સદર(૬) આદિજાતિ વિસ્તારના મધ્યાહન ભોજન યોજના માટેની ખાસ જોગવાઈ પ્રા.૧થી ૭ માં ભણતી આદિજાતિ કન્યાઓના વાલીઓને અનાજ આપવાની યોજના હેઠળ રૂા. ૧૪,૨૩,૦૦,૦૦૦/- ( અંકે રુપિયા ચૌદ કરોડ ત્રેવીસ લાખ) ની રકમનો ખર્ચ કરવા આ વિભાગને હવાલે મુકેલ છે. જે સદરહુ રકમ ઉકત હેતુ માટે ખર્ચ કરવા મધ્યાહન ભોજન યોજનાને હવાલે આથી મુકવામાં આવે છે.

૧. આ યોજનાની સંપૂર્ણ કામગીરીના અંતે નાણાંકીય રકમના તફાવત અને વધઘટના હિસાબો સરભર કરવાના રહેશે.

૨. આ ફાળવેલ ગ્રાંટ જે તે કામગીરી માટે જે તે સદરતળે જ બરાબર રીતે પૂરેપુરા વપરાય અને યોજનાની કામગીરીમાં અવરોધ ન આવે તે જોવાનું રહેશે.

૩. ફાળવેલ ગ્રાંટ કરતાં ખર્ચ વધી ન જાય તેની ખાતરી કરજંવાની રહેશે.

૪. દર માસે નમુનામાં વાઉચર ખર્ચ પત્રક મોકલવા તેમજ તે બીલ ઉપર હિસાબો સદર વિગતો રાખવાની જવાબદારી ઉપાડ અધિકારીશ્રીની રહેશે.

૫. ફાળવેલ ગ્રાંટ ડી.ડી.ઓ.પી.એલ.ઓ.માં જમા કરાવી શકાશે. અન્ય કોઈ ગ્રાંટ નાણાં વિભાગની અનુમતિ સિવાય પી.એલ.એ. માં જમા કરાવી શકાશે નહી. આ નાણાં ગુજરાત નાગરિક પુરવઠા નિગમ લિ. ગાંધીનગરને ઉચ્ચક બીલથી ચુકવવાના રહેશે.

૬. સને ૨૦૦૨–૦૩ ના વર્ષ માટે માહે ડીસેમ્બર'૦૨ માસ માટે હવાલે મુકેલ ગ્રાંટનો ઉપયોગ બધા જ વિગતવાર સદરો માટે કરવાનો રહેશે.

૭. ગત નાણાંકીય વર્ષમાં જે બાબતોની પ્રક્રિયા પૂર્ણ થઈ ગયેલ હોય પરંતુ તેની જવાબદારીઓ ગત વર્ષમાં અદા થઈ શકેલ નથી. તેવી બાબતો કે જેના માટે ચાલુ નાણાંકીય વર્ષમાં અંદાજપત્ર જોગવાઈ થયેલ છે. તેવી બાબતોને આ સાથે છુટી કરવામાં આવેલ ગ્રાંટમાંથી પ્રાથમિકતા આપવાની રહેશે.

૮. આ લાભ ફક્ત મહત્તમ બે કન્યા પૂરતો મર્યાદિત રહેશે.

આ અંગેનો ખર્ચ નીચેના સદરે ઉધારવાનો રહેશે.

માંગણી ક્રમાંકઃ ૯૪ ( આયોજન) આદિજાતિ વિકાસ પેટા યોજના ,
મુખ્ય સદર પોષણ,
પેટા મુખ્ય સદર–૦૨ પોષણ યુકત આહાર પીણાનું વિતરણ
ગૌણ સદર–૭૯૬ આ.જા. વિ.પે.યોજના
પેટા સદર–(૬) આદિજાતિ વિસ્તારમાં મ.ભો.યો.માટેની યોજના નં.–૮૭૦૦૨૮૩
હેડ ચાર્જેબલ– ૨૨૩૬૦૨૭૯૬૦૩૪

આ હુકમો આ સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણાંકીય સલાહકારશ્રીની તાઃ ૨૬/૩/૦૩ અને આદિજાતિ વિકાસ વિભાગની સરખા ક્રમાંકવાળી ફાઈલ પર તાઃ ૩૧/૩/૨૦૦૩ ની સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત ના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( એલ. જે. ચારેલ)
સેકશન અધિકારી
શિક્ષણ વિભાગ
સચિવાલય,ગાંધીનગર.